


## સલામી સવારની..

*વિરોધો નોંધાવીને હવે ધીરજ પણ થાકી છે,*
*થઈ ઝાંકી વિશ્વને એની આતંક-વૃત્તિ હાંફી છે,*
*બાકી છે હજૂ હડધૂત થવું, ઢાંકી છે માંડ લાજ*
*સુધરે ન શ્વાન માર ખાધા પછીયે, પૂંચ વાંકી છે...*
*(ફરી હુમલા શરૂ)*

### હાઈકુ

*ઉદ્યોગો અને,*
*જ્યાંથી દેખાય ત્યાંથી -*
*કરો સફાઈ!*
*(ચૂંટણી ફંડ!!)*

*'સચિવાલય'!*
*ખાધા પછી પ્રવૃત્ત -*
*શૌચાલયમાં...*
*(બધા વ્યસ્ત!)*

### ચિંતન

*અન્યાનિ શાસ્ત્રાણિ વિનોદમાત્રં,*
*પ્રાપ્તેષુ વા તેષુ ન તૈશ્ચ કિંચિત ।*
*ચિકિત્સિત-જ્યોતિષ-મંત્ર વાદાઃ પદે પદે પ્રત્યયનાવહન્તિ ॥*

આ વિશ્વમાં ઘણાં પ્રાચીન શાસ્ત્રો અને વિશાળગ્રંથો છે અનેક એવાં શાસ્ત્રો છે જેનાથી માત્ર મનરંજન થાય. દા.ત. કાવ્યશાસ્ત્ર, એટલે આવાં શાસ્ત્રો ભણ્યા તોય ભલે અને ન ભણ્યા તોય ભલે - તેથી કંઈ વિશેષ નુકશાન થતું નથી. પરંતુ વૈદિક શાસ્ત્ર જયોતિષશાસ્ત્ર અને મંત્ર શાસ્ત્ર એ તો જીવનમાં પગલે પગલે જરૂરી -ઉપયોગી છે.

કયાં ફળ માટે કયાં મંત્રનો કેટલા જાપ કરવા વગેરેની વિદ્યા, આકાશના ગ્રહોની જીવન પર અસર એ જયોતિષ સાસ્ત્ર છે, અને ત્રીજું વૈદ્યશાસ્ત્ર જીવનમાં ક્ષણે ક્ષણે આવતી શારીરિક તકલીફ માટે ખૂબ જરુરી છે.

### સુવિચાર

- સુંદરતા શૃંગાર વિના પણ મનને મોહિત કરે છે - **શેખ શાદી**
- વેર લીધાનો આનંદ કદાચ એક દિવસ ટકશે, પણ ક્ષમા કર્યાનું ગૌરવ સદાકાળ ટકે છે - **તિરુવલ્લુરવર**
- ઘરેણામાં પણ પરમ ઘરેણું એ વિનય-વિવેકવાળી વિદ્યા છે - **ચાણક્ય**
- વિદ્યાર્થી સંવેદનશીલ, ગુણવાન બને તે જરુરી છે જ પણ સાથે સાથે તે જ્ઞાનપાત્રતા તેમજ આત્મવિશ્વાસ કેળવે તોજ તેની કેળવણી સાકાર બને છે - **મુંબઈ સમાચાર**
- મનને મુક્ત વિહરવા દેવું એજ યુનિવર્સિટીનું કામ છે - **જનકલ્યાણ**
- દાની-જ્ઞાની-ત્યાગી અને વૈરાગી એ સૌની સફળતા નમ્રતામાં રહેલી છે - **ખલીલ જિબ્રાન**
- માણસના સાચા સ્વભાવ અને લાગણીનાં દર્શન એની માંદગી વખતે થાય છે - **જ્યોતીન્દ્ર દવે**
- આજનું ઔષધ : એલચીનું ચૂર્ણ મધમાં ચાટવાથી અટકી અટકીને થતાં પેશાબની તકલીફમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

મુ. લીનાબેન સારાભાઈ ઉચ્ચકોટિના કેવળણીકાર હતા. એમણે બાલમંદિર કક્ષા માટે મોન્ટેસરી પદ્ધતિની 'શ્રેયસ ફાઉન્ડેશન'નામની સંસ્થાની સ્થાપના કરી. માદામ મોન્ટેસરી ખૂદ એક વર્ષ આ સંસ્થામાં રોકાયાં હતાં; તેમજ ચિંતક જે કૃષ્ણમૂર્તિ પણ સારાભાઈ બંગલોઝમાં રોકાયા હતા. શિક્ષણ અને ચિંતન ને કારણે લીનાબહેનની દૃષ્ટિમાં 'સિયારામમય સબ જગ જાનિ' ચરિતાર્થ થયું હતું.

એક લેખક-કેળવણીકાર લીનાબહેને લખેલાં કોઈ પુસ્તકના કેટલાક મુદ્દાની ચર્ચા કરવા આવ્યા હતા. ચર્ચા વખતે પાનાં શોધવાં ન પડે એટલા માટે કેટલાંક પાનાંના ખૂણા વાળી નાખ્યા હતા.

ચર્ચા ચાલુ થઈ - લીનાબહેને પુસ્તક પોતાના હાથમાં લીધું અને ખૂણા કોમળ હાથે સીધા કરતાં કહ્યું, આ પૃષ્ઠોના ખૂણા તમે વાળી નાખ્યા છે?

લેખકે ક્ષોભ સાથે માથું હલાવી 'હા' પાડી.

લીના બહેન કહે - આ કાગળોને કેટલી વેદના થઈ હશે નહીં?!

# બૉલીવૂડ અને પાકિસ્તાન

કચકડાની દુનિયાનું આપણી પ્રજાને એવું ઘેલું લાગ્યું છે કે એક વ્યવસાયિક કલાકારને આપણે મહાન રાષ્ટ્રીય નેતાઓ, સંતો-મહાત્માઓ અને સર્જકો કરતાં અજાણતાં જ વિશેષ મહત્ત્વ આપતા થઈ ગયા છીએ. હકીકતમાં સિને ક્ષેત્ર એક ધીકતી કમાણીનું મનોરંજનના વેપારનું ક્ષેત્ર જ છે. કલાકાર માણસ તરીકે સામાન્ય માણસ જેવી જ મર્યાદાઓ ધરાવતો હોય છે. પરંતુ ફિલ્મમાં એ ઊંચા આદર્શવાદી પાત્ર તરીકે અથવા સુપરમેન તરીકે ઊપસી આવે છે અને આપણે એને એ રીતે જોવા લાગીએ છીએ. સેનામાં અઢી વર્ષ નોકરી કરી આવેલ ઑફ બીટ કલાકાર નાના પાટેકરે તાજેતરમાં છેડાયેલ વિવાદમાં આ સત્ય ઉજાગર કરતાં કહ્યું છે કે અમે બોલીવુડવાળા તો સાવ નામીજ લોકો છીએ. અમે દેશની સુરક્ષા ખાતર જાન કુરબાન કરવા હર ઘડી તૈયાર રહેતા સૈનિકોની સરખામણીએ તો માંકડ-મચ્છર જેવા ગણાઈએ. સાચા હીરો તો એ દેશ ખાતર કુરબાની વહોરતા જવાનો જ ગણાવા જોઈએ. દેશની વાત આવે ત્યારે બીજું બધું જ ગૌણ બની જવું જોઈએ અને દેશભક્તિ જ સર્વોચ્ચ ગણાવી જોઈએ. બાળકોને 'બોલીવુડ'નો 'બ' નહીં બલકે 'બલિદાન' નો 'બ' શીખવવો જોઈએ. પાટેકર વાસ્તવ જીવનને લગતી ફિલ્મોમાં અભિનયનાં અજવાળાં પાથરનાર મૂઠી ઊંચેલા કલાકાર છે. એમને આવું નિવેદન એટલા સારું કરવું પડ્યું કે મુંબઈમાં મનસે જેવા પરિબળોએ પાકિસ્તાની કલાકારોના બહિષ્કારની ઝુંબેશ શરૂ કરી છે, જેની વિરુદ્ધ લોકપ્રિય સિને આર્ટીસ્ટ સલમાન ખાને પત્રકાર પરિષદ કરીને સુફિયાણી આદર્શવાદથી ભરેલી રજૂઆત કરતાં કહ્યું હતું કે પાકિસ્તાની એકટરો-કલાકારો કોઈ આતંકવાદીઓ નથી; તેઓ ભારતમાં ભારત સરકારના વિઝા લઈને પ્રવેશે છે. એમને કલાકારો તરીકે જોવા જોઈએ, પાકિસ્તાનના છે એટલે એ આપણા દુશ્મન નથી બની જતા. સલમાનની આ સુફિયાણી વાતો આદર્શની રીતે બરાબર લાગે પરંતુ દુશ્મન દેશ જ્યારે આપણી સામે બાકરી બાંધીને બેઠો હોય ત્યારે એ વહેવારું ન જ ગણાય. ખુદ સલમાનના પિતા અને ફિલ્મકથાઓના લેખક સલીમખાને પણ એમના સુપર સેલિબ્રિટી એકટર પુત્રના નિવેદન સામે નારાજગી વ્યક્ત કરી છે. જ્યારે બે પાડોશી દેશો વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રજામાં સંકુચિત દેશભક્તિની ભાવના પ્રબળ બનતી હોય છે. ગમે તેટલા ઉમદા કલાકારો હોય છતાં તે દુશ્મન દેશના છે તેથી એમને આપણી ધરતી પર રોજીરોટી કમાવાની છૂટ ન હોવી જોઈએ. આખરે એમની પહેલી વફાદારી તો એમના દેશ તરફ જ રહેવાની છે. શી ખાતરી કે તેઓ આપણી ગોપનીય માહિતી એમની સરકારને નહીં પહોંચાડતા હોય? પાકિસ્તાન કયારેક અખંડ હિન્દુસ્તાનનો જ હિસ્સો હતો અને ઘણા બધા સિનિયર બોલીવુડ કલાકારોની જન્મભૂમિ અત્યારે પાકિસ્તાનમાં છે. શરુથી જ પાકિસ્તાન છોડી હિન્દુસ્તાનને વતન ગણનારા દિલીપકુમાર એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. રાજકપૂરનું મૂળ વતન પણ પાકિસ્તાનમાં છે. પરંતુ જ્યારે

**તંત્રીસ્થાનેથી...**

વર્તમાન સંજોગોમાં નવા કલાકારો બોલીવુડમાં કામ મેળવવા આવતા હોય ત્યારે એ મુદ્દે સો ગરણે ગાળીને જ નિર્ણય થવો જોઈએ. નાના પાટેકરે વ્યક્ત કરેલો પુણ્યપ્રકોપ એ દેશની પ્રજાની હૈયાની જ લાગણી રજૂ કરે છે એને સંકુચિત અર્થમાં નહીં લેતાં દેશદાઝના આદર્શની રીતે સ્વીકારવાની જરુર છે.

# નવરાત્રીમાં ગરબા જોવા ક્યારેક અમે તને લઈ જતા પણ એ ઘોંઘાટ તને બિલકુલ ન ગમતો...

સોળ વર્ષ પછી ભીની આંખે તને વિદાય આપ્યા પછી આજે તારી યાદ કેટલી સતાવે છે.

નાની હતી ત્યારે તું કેટલી રમતીયાળ હતી. ઘર આખામાં ભાગભાગ કરતી. તારી મસ્તી અમને સૌને મસ્ત બનાવતી.

અમે તને કંઈ શિખવ્યું નહોતું. છતાં તારા સંસ્કારો અને રીતભાત અમને જ નહીં આજુબાજુના પાડોશીઓ અને ગેર આવતા મહેમાનોને એવી રીતે અભિભૂત કરે કે તે પણ તને ખુબ જ વ્હાલ કરવા લાગે.

તારી હેર સ્ટાઈલ તું ક્યારેય બગડવા ન દેતી. ઠુમક ઠુમક તારી ચાલના તો સૌ દિવાન થઈ જતા. તું કાયમ તારી મસ્તીમાં મસ્ત રહેતી. એ.સી. વિના તને ઊંઘ ન આવે.

સોસાયટીમાં અમને ન ઓળખે એટલા લોકો તને ઓળખતાં. તારી બહેનપણીઓ પણ ઘણી. તે વળી તારું ખુબ ધ્યાન રાખે.

સવારમાં છાપુ નાખવ આવતા ફેરીયાને તો તું બરાબર ઓળખી ગયેલી. તેના આગમનની જાણ તું જ મને રોજ કરતી.

હવે તો મોડે સુધી અખબાર ગેલેરીમાં પડ્યું રહે છે. હાથમાં લેતાં તારી જ યાદ આવે છે. તને અમારી સાથે બહાર ફરવા આવવાનું બહુ ગમતું, અમે કયારેક તને સાથે ન લઈ જઈએ. તો તું કેવી રીંસાઈ જતી. પછી મનાવતા મનાવતા અમને પરસેવો વળી જતો પણ તું માની જાય એટલે ખોળામાં બેસી કેવી વ્હાલુડી થઈ જતી. ધોબી મારાં કપડાં ઈસ્ત્રીમાં લઈ જાય તે તને બિલકુલ ન ગમતું. અને ટપાલી... તેની તો તું રાહ જોઈને બારણે બેસી જતી. કોઈ પ્રિયતમા તેના પ્રિયતમનો પ્રેમપત્ર આવે તેની રાહ જોતી બેસી રહે એમ જ.

અમારી સાથે કારમાં બેસીને ફરવા આવે ત્યારે તારો રૂઆબ અને ઠસ્સો કોઈ રાજકુમારીથી જરાય ઓછો ન હોય. બારીમાં બેસીને ઝુલ્ફ લહેરાવતી તને જોઈ બાઈક પર જતા યુવકો લટ્ટુ થઈને તને જોવા લાગતા અને યુવતીઓ ઈર્ષા કરવા લાગતી ત્યારે હું તારી મમ્મીને કહેતો 'આ તો મારી ઐશ્વર્યા રાય છે તું ગર્વથી ડોક મારા તરફ ફેરવી મને જોયા કરતી.'

તને મીઠાઈ, ચીઝ જેવી વસ્તુઓ બહુ ભાવતી. છતાં તે તારી કાયા કમનીય રાખી હતી. બોડી મેન્ટેઈન રાખવાનું તો કોઈ તારી પાસે શીખે.

સવાર ને સાંજ મોર્નિંગ વૉક અને ઈવનીંગ વૉકમાં જવાનું એટલે જવાનું તેમાં જરાય મીનમેખ ન ચાલે.

તું યુવાન થવા લાગી એટલે વિજાતીય આકર્ષણ તને થતું. તેમાં એકવાર તું ઘરમાંથી ભાગી ગયેલી ત્યારે તને શોધતાં શોધતાં અમે સૌ થાકી ગયેલા પણ તું હેમખેમ પાછી આવી એટલે અમને હાશકારો થયેલો. નવરાત્રીમાં ગરબા જોવા કયારેક અમે તને લઈ જતા પણ એ ઘોંઘાટ તને બિલકુલ ન ગમતો તેથી તું લપાઈને બેસી જતી.

તું ગભરું પણ કેવી, દિવાળીમાં ફટાકડા ફૂટે એટલે તારું અને અમારું બધાનું આવી બને. તું ધડાકા ભડાકા સાંભળી એવી ડરે છે કે તને ઓઢાડીને ઢબુરીને રાખવી પડે છતાં તારા




હૃદયના ધબકારા એટલા વધી જાય કે ખોળામાં લઈને બબ્બે કલાક અમારે બેસવું પડે. મને એમ થાય કે આવું ને કંઈ ડરાતુ હશે. પણ મેં એકવાર એક ડૉક્ટર મિત્રને વિજળીના કડાકા ભડાકાથી ડરીને ફફડતા એવાં નબળાં હોતા હશે. અથવા તેમનામાં ડરની એવી ગ્રંથી બંધાઈ જતી હશે. જે હોય તે પણ તું ડરપોક તો ખરી હોં! છતાં પાછી બહાદુરી બતાવવામાં તો પાછી ન પડે.

આખી શેરીમાં ફરી વળે, તું ગમે તેના ઘરમાં ખૂણે ખૂણો જોઈ આવે પણ કોઈની મજાલ છેકે તારી હાજરીમાં ઘરનું બારણું ખોલી અંદર પ્રવેશે.

આમ જુઓ તો તારી બધી વાત જ ન્યારી હતી. તને સહેજ છીંક પણ આવે તો અમારા-લોકોનો જીવ અદ્ધર થઈ જાય. અને અમે સહેજ બિમાર છીએ એવું તમે લાગે તો તું વારે ઘડીએ પલંગ પાસે આવી અમારી ખબર પુછે. વ્હાલ કરે, લટુડાંપટુડાં કરી અમને અમારી બિમારી અને દુઃખદર્દ ભૂલાવી છે.

શિયાળામાં સ્વેટર પહેરવાનું તને બહુ ગમે. ગુલાબી, પીળું, વાદળી જાત જાતનાં સ્વેટર પહેરીને તું મોર્નિંગ વૉકમાં નીકળે ત્યારે બાળકો તો બાળકો મોટેરાં પણ તને જોવા ઘડીભર

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ઋતુકલ્પઃ પ્રેમની મોસમ બારે માસ

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ''ગીતાંજલિ'' મહાકાવ્યમાં લખ્યું છે કે ''પ્રકૃતિના વિવિધ રંગ-રૂપ આપણને પ્રેમ શીખવે છે. પ્રકૃતિને ચાહ્યા વિના આપણે નિતાંત પ્રેમની અનુભૂતિ કરી શકીએ નહીં.''

ખરેખર પ્રકૃતિ અને પ્રેમનો ગાઢ નાતો છે. વિક્રમ સંવત અનુસાર કાર્તિક – કારતક મહિનાથી આસો મહિના સુધીના બાર મહિના અનુસાર ઋતુકલ્પનો વૈભવ આપણને માણવા મળે છે. બાર મહિના યાને સાહીઠ દિવસ સુધી એક ઋતુ મુજબ છ ઋતુનો ઋતુકલ્પ (૧) શરદ, (૨) હેમંત, (૩) શિશિર, (૪) વસંત, (૫) ગ્રીષ્મ અને (૬) વર્ષા મળીને મોસમના આ ગુચ્છ પોતપોતાના અંદાજમાં આપણને જાણે પ્રેમનો સંદેશ આપે છે. પ્રકૃતિનું સૌંદર્ય આ દરેક મોસમમાં જુદો જુદો મિજાજ પ્રગટ કરે છે. પ્રેમની મોસમ તો બારે માસ જામતી હોય છે. પ્રકૃતિ સ્વયં પ્રેમનું પ્રતીક બની રહે છે.

મહત્વનું છે કે આપણે ત્યાં આ ઋતુઓના નામ ઉપરથી જ નામકરણ પણ થાય છે. વર્ષા સિવાય તમામ પાંચ ઋતુના નામ પુલ્લિંગ છે. કન્યાઓમાં વર્ષા નામકરણ કરવામાં આવે છે એમ જ ગ્રીષ્મ નામ પુલ્લિંગ હોવા છતા કન્યાઓમાં ગ્રીષ્મા નામકરણ પણ કરવામાં આવે છે.

શરદ ઋતુની સૌપ્રથમ વાત કરીએ. આસો મહિનો અને કારતક મહિનો એટલે શરદ ઋતુ. કન્યાનો સૂર્ય થાય ત્યારે શરદ ઋતુ શરુ થાય અને વૃશ્ચિકનો સૂર્ય થાય ત્યારે શરદ ઋતુ પૂર્ણ થાય. દિવસ ટૂંકો થવાનો શરુ થાય અને રાત લંબાતી જાય. શરદ એટલે શીતકાળ – શિયાળાનો આરંભ. શરદ ઋતુને ઋતુઓની રાજકુમારી પણ ગણવામાં આવે છે. શરદના દિવસો મનોરમ હોય છે. શરદપૂનમ, શરદપૂર્ણિમા આ મોસમમાં જ આવે છે. વર્ષમાં એક જ વાર સુંદર અને મોટો પૂર્ણ ચંદ્ર, શીતળ ચંદ્રની ચાંદની માણવા મળે છે. શરદની પૂનમ એટલે રોમાન્સની પરાકાષ્ઠા. આપણે ત્યાં વડીલોના આશીર્વાદ લેવામાં આવે ત્યારે વડીલો એમ કહે છે કે ''શતમ્ જીવમ્ શરદઃ'' એટલે કે ''૧૦૦ શરદ ઋતુ સુધી તમે જીવો.'' ૧૦૦ શરદ ઋતુ તમે માણી શકો ત્યાં સુધી જીવો, એમ કહેવામાં આવે છે.

હેમંત ઋતુ એટલે વૃશ્ચિકનો સૂર્ય થાય ત્યારથી લઈને મકરનો સૂર્ય થાય ત્યાં સુધીનો ગાળો. આ મોસમમાં શીતકાળ પૂરબહારમાં ખીલે અને છેલ્લે છેલ્લે ઠંડી વિદાય લેવાનું પણ શરુ કરે. માગશર અને પોષ મહિનો એટલે હેમંત ઋતુ.

શિશિર ઋતુનો આરંભ એટલે મકરનો સૂર્ય થાય અથવા બીજા શબ્દોમાં સૂર્યનું મકર રાશિમાં પરિભ્રમણ. સૂર્યનું મીન રાશિમાં પરિભ્રમણ શરુ થાય ત્યારે શિશિર ઋતુ પુરી થાય. સરળ અર્થમાં શિયાળાની વિદાય અને ગરમીના દિવસોની શરુઆત યાને મહા અને ફાગણ એટલે શિશિર ઋતુ. શિશિરના દિવસો એટલે પાનખરના દિવસો. શિશિર એટલે જ પાનખર. પ્રકૃતિ આપણને માનવજીવનની ક્ષણભંગુરતાનો સંદેશ આપે છે. દરેક વૃક્ષ યા છોડ ''શ્રીમદ્ ભગવદ્ ગીતા''ના ઉપદેશ અનુસાર જૂનાં પર્ણ ત્યજીને નવાં પર્ણ ધારણ કરે છે. માણસ જેમ મૃત્યુ પામે છે અને આત્મા એક શરીર ત્યજીને નવું ખોળિયું ધારણ કરે છે.

ફાગણી પુનમ એટલે શિશિરનો છેલ્લો દિવસ. આ જ દિવસે રંગ-પર્વની ઉજવણી થતી હોય છે. એ સાથે પ્રેમની પરાકાષ્ઠા માણવાની અને અનુભવવાની મોસમ એટલે કે વસંતનો આરંભ પણ થઈ જતો હોય છે. પ્રિયજનને પ્રેમના રંગમાં રંગવા અને તરબોળ કરવાનું રંગ-પર્વ આ દિવસોમાં જ આવતું હોય છે.

વસંત ઋતુનો આરંભ સૂર્યના મીન-પ્રવેશ સાથે થાય છે અને વૃષભનો સૂર્ય થાય ત્યારે વસંત ઋતુ વિદાય લેતી હોય છે. જેમ શિશિરમાં ગરમીનો આરંભ થાય છે, એમ જ વસંત ઋતુમાં પણ ઉનાળો છવાયેલો રહે છે. વસંત ઋતુને ઋતુઓનો રાજા યાને ઋતુરાજ વસંત કહે છે. પ્રકૃતિમાં ચારેકોર વસંતનો વૈભવ છવાઈ જતો હોય છે. કેસુડો અને ગુલમહોર અનુક્રમે ગેરુવા અને લાલ રંગથી પ્રકૃતિને નવોઢાની જેમ સજાવી દે છે. ચૈતર-વૈશાખના વાયરા એટલે વસંત.

ગુજરાતી સાહિત્યમાં અને દરેક ભાષાસાહિત્યમાં ઋતુકાવ્યો છે. એમાં સૌથી વધુ ઋતુકાવ્યો ઋતુરાજ વસંતને લઈને લખાયાં છે. વસંત એક રાગનું નામ છે અને વસંતતિલકા છંદ ગુજરાતી સાહિત્યમાં એક છંદનું નામ પણ છે. વસંત એટલે વર તરફથી કન્યાને અથવા પ્રિયજન તરફથી પોતાની પ્રિયાને આપવામાં આવતી વસ્ત્રાલંકાર વગેરેની ભેટ. વસંતસખા એટલે કામદેવ. વસંતક એટલે વિદુષક. વસંત નામની અટક વણિક અને લોહાણા સમુદાયમાં જોવા મળે છે. વસંતસંપાત એટલે દિવસ અને રાતનો સમય એકસરખો હોય. વસંત ઋતુમાં વર્ષનો એક દિવસ એવો આવે છે કે જ્યારે દિવસ અને રાતનો સમય સરખો હોય.




ગ્રીષ્મનો આરંભ સૂર્યના વૃષભ પરિભ્રમણ સાથે થાય છે અને સૂર્ય જ્યારે કર્કમાં ભ્રમણ શરુ કરે છે ત્યારે ગ્રીષ્મ ઋતુ પૂરી થાય છે. ગ્રીષ્મના છેલ્લા દિવસો એટલે વરસાદના આગમનના દિવસો. જેઠ અને અષાઢ એટલે ગ્રીષ્મ ઋતુ. જેઠ મહિનાનો આકરો તાપ અને ''જો સૂરજ ગરમી કરે તો વરસ્યાની આશ'' ઉક્તિ મુજબ જેઠના તાપ પછી અષાઢી મેઘાડંબર ગાજે છે અને મેહૂલિયો મન મૂકીને વરસે છે.

વર્ષાઋતુને ઋતુઓની રાણી કહે છે, જેમ વસંતને ઋતુરાજ તરીકે ઓળખવામાં આવે છે. સૂર્ય જ્યારે કર્કનો થાય છે ત્યારે વર્ષાનો આરંભ થાય છે અને સૂર્યનું કન્યા રાશિમાં પરિભ્રમણ શરુ થાય છે ત્યારે વર્ષાઋતુ સમાપ્ત થાય છે. શ્રાવણ અને ભાદરવો એટલે વર્ષાઋતુ. પ્રણયમાં વિરહનું મહત્વ પણ ઓછું આંકવામાં આવ્યું નથી. જ્યારે વિરહનો તાપ ભરચોમાસે બાળી મૂકે ત્યારે આંખોમાંથી અશ્રુધારા જાણે શ્રાવણ-ભાદરવાની જેમ ટપકતી રહે છે, વહેતી રહે છે. વસંત ઋતુમાં પ્રકૃતિ જેમ ગેરુઆ-લાલ રંગે રંગાઈ જાય છે, એમ વર્ષાઋતુમાં પ્રકૃતિ હરિયાળા રંગે રંગાઈને લીલીછમ બની જાય છે.

તમામ છ ઋતુઓની તાસીરનું વર્ણન કરતું કવિ દલપતરામનું કાવ્ય અહીં પ્રાસંગિક બની રહે છેઃ

''શિયાળે શીતળ વા વાય, પાન ખરે ઘઉં પેદા થાય.
પાકે ગોળ, કપાસ, કઠોળ, તેલ ધરે, ચાવે તંબોળ.
ઘટે દિવસ, ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત.
ઉનાળે ઊંડા જળ જાય, નદી, સરોવર જળ સૂકાય.
પામે વનસ્પતિ સૌ પાન, કેસૂડાં રૂડાં ગુણવાન.
સારા હોજ, ફૂવારા, બાગ, પ્યારાં ચંદન, પંખા લાગ.
બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે, તે તો વણતોલ.
ચોમાસું તો ખાસું ખૂબ, દીસે દુનિયા ડૂબા ડૂબ.
લોક ઉચારે રાગ મલાર, ખેતર વાવે ખેતીકાર.
ચંપા, ચંબેલી, જૂઈ જાય, ફૂલ ગુલાબ ભલાં ફૂલાય.
છત્રી ચોમાસે સુખમાર, ચાખડીઓ હિંડોળા ખાટ.''


જ્યારે તમને કોઈ પ્રેમ કરે ત્યારે તમારી શક્તિ વધે છે, પરંતુ જ્યારે તમે કોઈને પ્રેમ કરો છો ત્યારે તમારી હિંમત વધી જતી હોય છે. પ્રેમ જીવનનું ચાલકબળ છે અને પ્રત્યેક મોસમ જિંદગી માટે પણ જરુરી છે.

*જસ્ટ ટ્વીટ :*

''હોઠ હસે તો ફાગુન ગોરી, આંખ ઝરે તો સાવન;
મોસમ મારી તું જ તું, કાળની મિથ્યા આવન-જાવન.''

**- કવિ હરિન્દ્ર દવે**

# 'સૈરાટ'... મરાઠી ફિલ્મમાં ટીનએજર્સ દલિત હીરો અને અમીર સવર્ણ હીરોઈનની સુપરહિટ લવ સ્ટોરી




એક સિનેમા એવા પ્રકારનું હોય છે જે આપણા અસલ સામાજિક ચહેરા પર સરસ મજાનો મેકઅપ કરીને ગલીપચી કરાવે છે અથવા તો કોઈપણ ધારાધોરણ વગરના જોક પર હસાવે છે. બીજું સિનેમા એ છે કે પેલા મેકઅપ મઢયા ચહેરાને સાવ નાગો કરીને, એ હોય એવો રજૂ કરે છે. આવી ફિલ્મો જોતી વખતે અને જોયા પછી આપણને એ અહેસાસ થાય છે કે આપણે કેવા નબળા છીએ. આવી ફિલ્મો અકળાવી મૂકે છે, સ્તબ્ધ કરી દે છે, ગુસ્સે કરી દે છે અને જેની સામે ફક્ત કાન જ નહીં આખુ અંગ આડું કર્યું હોય તેવા વિષય પર વિચારવા મજબૂર કરી દે છે. મરાઠી ભાષાની ફિલ્મ 'સૈરાટ' આવી જ એક ફિલ્મ છે જે સિનેમા ગજવી રહી છે અને લોકોને પજવી રહી છે.

સહેલાઈથી સમજાય એવી રીતે સચ્ચાઈ રજૂ કરો, તો એનો રણકો બીજા સેંકડો ધબકતા દિલ સુધી પહોંચતો જ હોય છે ! કેવળ વર્ડ ઓફ માઉથથી એવી સ્મોલ, સિમ્પલ ગણાતી ફિલ્મો ચાલી જ જાય છે. એક દૂજે કે લિયે, કયામત સે કયામત તક લવસ્ટોરી, આ બધી ફિલ્મો ઈતિહાસ રચી ગઈ, ત્યારે ક્યાં સ્ટાર હતા એમાં ?

'સૈરાટ'માં માછીમારનો ક્રિકેટર અને ભણવામાં એવરેજ છોકરો પર્શ્યા અને જેના નામનો બાહુબલી રાજકારણી બાપે બંગલો બનાવી રાખ્યો છે, એવી બિન્દાસ બાળા આર્ચી. વચ્ચેની ઈન્સ્ટન્ટ કેમેસ્ટ્રી. વિકલાંગ પ્રત્યેનો અભિગમ, નાનપણમાં આપણે જીવેલા એવી જ ચિઠ્ઠીઓની આપલે, કોલેજમાં છોકરીની વાતોવિચારો, ગેરેજ પર બેસી ભાઈબંધોના બાઈક-ફોનનો યુઝ કરવાની અને જાન પર આવી ખેલી લેવાની કે ખેતરોમાં મળવાની મિન્ટી મોમેન્ટસ. એમાં પેલી એ ચાહે છે કે નહિ વાળી ખટ્ટીમીઠી કન્ફયુઝન. અને પછી પ્રેમ...

મોટા ભાગની ફિલ્મમાં જે છોકરો કરે - બાઈક ચલાવી રોફ છાંટવો, બંદૂક ચલાવી નિશાન તાકવું, લવરને ઘેરથી ભગાડી જવાનું. એ બધું અહીંથી છોકરી કરે છે ! બધી જ ફિલ્મી સિચ્યુએશનને એકદમ રિયલ બનાવી દેવામાં આવી છે. જે લોકો પોતાના આઈવરી ટાવરમાંથી બહાર નીકળીને ધરાતળની વાસ્તવિકતા જોતા જ નથી, એમને એવું લાગશે કે આજના જમાનામાં આવું તે કંઈ હોય ? પણ ફિલ્મ કોઈ મોટી પબ્લિસિટી વિના આમ પ્રાદેશિક ભાષામાં ૧૦૦ કરોડના ધમાકાની નજીક સરકતી જાય છે, રોજેરોજ આવી જ બનતી આસપાસની ઘટનાઓનું, એટલે દોડીને ફિલ્મ હિટ કરે છે !

પણ 'સૈરાટ' યાને વાઈલ્ડ માત્ર આ જ વાત નથી કરતી. એ અનેક મોરચે સ્ટેટમેન્ટ કરે છે, કોમેન્ટ કરે છે, એસેસમેન્ટ કરે છે. ફિલ્મની સ્ટોરી ચવાયેલી લાગે, પણ સ્ટોરી ટેલિંગ તો તમારું કાળજું આખેઆખું કાચેકાચું ચાવી જાય એવું છે. આમ પણ પ્રેમમાં પ્લોટ તો એક જ હોય છે. કોઈકને જોઈને એના માટે જબરજસ્ત ખેંચાણ થઈ જાય, એ વગર વિઝાએ આપણાં મનમાં નાગરિક અધિકાર મેળવી લે,સદીઓથી સેઈમ કહાનીમાં બદલાય છે, કિરદાર, પાત્રો, માહોલ.

સૈરાટ સાઈડ અને સ્ટેન્ડ કેવળ માસૂમ પ્રેમીઓની જ લે છે. અહીં બધાને ખંખેરે છે. દલિતો પ્રત્યેનો તુચ્છકારનો ઉચ્ચવર્ણનો આજે ય ગામડાઓમાં વ્યાપ્ત અભિગમ બતાવે છે, તો તો એમાંથી આક્રોશ પામી ઉચ્ચવર્ણની દીકરી માટે હલકી ગંદી કોમેન્ટ કરતા શિક્ષિત વ્યક્તિ અને આ બધાથી દૂર રહેતી, આવા પરસ્પરની કોમેન્ટસ, જજમેન્ટસથી ફેલાતી નફરતને જ નફરત કરતા સાચા પ્રેમીઓ, પોલિસ સ્ટેશનમાં છોકરીના મા-બાપ દ્વારા છોકરા પર ચડાવાતા ખોટા આળથી નાના નગરોમાં ગમે તે નાના માણસને એરોગન્ટ દાદાગીરીથી છોડાવી નાંખવાના મવાલીવેડાં - ઝૂંપડપટ્ટીની જીંદગી, બે ડિફરન્ટ બેકગ્રાઉન્ડના લવર્સ વચ્ચે પ્રારંભિક આકર્ષણ ઓસરી ગયા પછી ઉદ્ભવતી સમસ્યાઓ, અભિમાની સ્વજનોની ઘાતકી હિંસા, ગરીબાઈ, સંઘર્ષ બધું જ. લવનો ઉભરો ઓસર્યા પછી આખું વ્યક્તિત્વનું પેકેજ બહાર આવે, જેને સ્વીકારીને જીવવાનું સહજીવન કેળવવાની તાકાત આપે એ પ્રેમ !




આખી ફિલ્મ રૂંવાડે રૂંવાડે ઈન્સ્ટન્ટ કનેકટ થઈ જાય છે. ડાયરેકટર્સ ટચનું એક સેમ્પલઃ નાની ગેરસમજથી માનેલા પતિને છોડી ઘેર જવા માટે પાછી નીકળતી છોકરી સ્ટેશન પર એકબીજાને ટેકે ભીખ માંગતા વૃદ્ધ અશક્તોને જુએ છે, અને લૉંગ ટર્મ કમિટમેન્ટની કસોટી એને તરત સમજાય છે. તમામ દ્રશ્યો અને હાવભાવમાં હાડોહાડ વાસ્તવ છે. આપણી આસપાસની જ ગંદકી, મહાનગરથી મનની બધી જ ! મિનરલ વોટર પી ઉછરેલી વ્યક્તિ અને ડબલું લઈ પતરાંના ટોયેલેટમાં જનાર વ્યક્તિએ કાચી સમજણનો ઈશ્ક નિભાવવા કેવું અને કેટલું તપાવું પડે છે એ યાત્રા. અને ફિલ્મ પૂરી થયા પછી પણ દિમાગમાં ભજવાતી રહે એવો દિલધડક અંત.

વાસ્તવિક તાણાવાણાથી ગૂંથાયેલી આ ફિલ્મ એક જમીનદારની દીકરી અને એક દલિત યુવાનની લવસ્ટોરી છે. પ્રેમ થાય છે અને પકડાય છે. પછી, બેઉ ભાગે છે. ભાગે એ વાત સામાન્ય લાગે છે પણ એ એટલી સામાન્ય હોતી નથી. ઈન્ટરકાસ્ટ લગ્ન ભાગીને કરનારાઓની જીવનવેદના સૈરાટમાં દેખાય છે. મૂળિયાથી કપાઈને છૂટી પડેલી બે ડાળખીઓ ઘરપરિવાર વગર અજાણ ભોમકામાં પાંગરવાની જે કોશિશ કરે છે એ વાત હચમચાવી દેનારી છે. હીરોઈન એ જ હીરો છે એ વાત લૈંગિકભૂમિકામાં આમૂલ પરિવર્તન લાવનારી છે. જાત-ધર્મ-પૈસો-વંશ અને લોહીની શુદ્ધતામાં માનનારો સમાજ પ્રેમીઓને સુખે જીવવા દેતો નથી એ ગઈકાલની અને આજની હકીકતને આ ફિલ્મ બખૂબી રજૂ કરે છે. અદ્ભુત સંગીત, પાત્રાલેખન, અભિનય, કેમેરા અને અંત લગી કેડો ન મૂકતી પટકથા ફિલ્મનું જમાપાસું છે. બાકીની વાત માટે ભાષાનો ભેદ ભૂલીને ફિલ્મ જ જોવી પડે.

**ચૂંટલો** : ગત વર્ષની સુપરહિટ ગુજરાતી ફિલ્મ હતી 'છેલ્લો દિવસ'. જે ખરેખર ફિલ્મ ઓછી અને સસ્તા જોક્સની હારમાળા વધારે હતી તેની નેટમાહિતી મુજબની કમાણી છે ૧૭ કરોડ હતી. પ્રતિબદ્ધ મુદ્દા પર બનેલી 'સૈરાટે' બીજા વીકમાં જ તમામ રેકોર્ડ તોડીને ૧૦૦ કરોડની કમાણી કરી છે. ટૂંકમાં, સાહિત્ય હોય કે સિનેમા- પ્રતિબદ્ધતા અને કસબ બેઉ બાબતે આપણે પડોશી પાસેથી ઘણું શીખવાનું રહે છે!